| Re-Accredited Grade A by NAAC | SAURASHTRA UNIVERSITY, UNIVERSITY CAMPUS, | |
|---|---|---|
| | UNIVERSITY ROAD, RAJKOT - 360 005 | |
| | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ | |
| | યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫ | |
| Ph-0281-2578501 | www.saurashtrauniversity.edu | Fax :- 2586983 |


ફાઈનાન્સ સમિતીની એક સભા તા.**૨૫–૦૨–૨૦૧૯** ને **સોમવાર** ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કાર્યાલય, રાજકોટ ખાતે મળેલ હતી, જેમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલા હતા.

<u>કાર્યવાહી નોંધ</u>

| ક્રમ | નામ | હોદો | હાજર / ગેરહાજર |
|---|---|---|---|
| (૧) | ડો.નીતિનભાઈ એમ. પેથાણી | કુલપતિશ્રી | હાજર |
| (૨) | ડો. વિજયભાઈ દેશાણી | ઉપકુલપતિશ્રી | હાજર |
| (૩) | શ્રી નેહલભાઈ શુકલ | સભ્યશ્રી | હાજર |
| (૪) | ડો. ભરતભાઈ રામાનુજ | સભ્યશ્રી | હાજર |
| (૫) | ડો.ભાવિનભાઈ કોઠારી | સભ્યશ્રી | ગેરહાજર |
| (૬) | ડો.પ્રતાપસિંહ ચૌહાણ | સભ્યશ્રી | હાજર |
| (૭) | ડો.વિજયભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |

૧. તા.૦૮–૦૧–૨૦૧૯ ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.
(નોંધ : તા. ૦૮–૦૧–૨૦૧૯ ની ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૮–૧–૨૦૧૯ની કાર્યવાહી નોંધ સિન્ડીકેટની તા.૧૧–૧–૨૦૧૯ની સભાનાં ઠરાવ ક્રમાંક ૯ થી નીચે મુજબનાં સુધારાં સાથે મંજુર કરવામાં આવેલ છે તે સુધારાં સાથે મંજુર કરવી.**

ઠરાવ ક્રમાંક –૯

**આથી ઠરાવવામાં આવે છે કે Centre of Excellence માટે રચવામાં આવેલ કમિટીમાં ડો.ધરમભાઈ કાંબલીયા, સિન્ડેકેટ સભ્યશ્રીનો સમાવેશ કરવો.**

ઠરાવ ક્રમાંક–૧૭

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત કામકાજ ક્રમાંકમાંથી બાબત રદ કરવી.**
**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વર્ચ્યુલ એપ્લીકેશનનો મહત્તમ ઉપયોગ થાય તે માટે પરિપત્ર કરી સર્વે ભવનો અને કોલેજોને જાણ કરવી.**

**ઠરાવ ક્રમાંક –૨૧**

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની ઉપર્યુકત ભલામણ સ્વીકારવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ''રાજકોટ મ્યુ.કમિશ્નર અને મેયરશ્રી રાજકોટ શહેર, મા.કુલપતિશ્રી....'' દર્શાવેલ છે તેનાં બદલે ''રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી...'' એમ વાંચવું.**

૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક ભવનો, ગ્રંથાલય, આરોગ્ય કેન્દ્ર વગેરેનાં નાણાંકિય વર્ષ ૨૦૧૮–૧૯ નાં પૂનઃનિર્મિત અંદાજો તથા ૨૦૧૯–૨૦ ના વર્ષનું અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ :– સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ નાં પૂનઃનિર્મિત અંદાજો તથા નાણાંકિય વર્ષ ૨૦૧૯–૨૦ નું અંદાજપત્ર પરિશિષ્ટ – ૧ તરીકે સામેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં નાણાકિય વર્ષ ૨૦૧૮–૧૯ના પુનઃ નિર્મિત અંદાજો તથાં નાણાકિય વર્ષ ૨૦૧૯–૨૦નું અંદાજપત્ર સુધારા વધારા કરી જે હેડ બાબતોની ચર્ચા થયેલ છે તે માન.કુલપતિશ્રીનાં તથા અન્ય સભ્યશ્રીઓનાં દિશા નિર્દેશ અનુસાર દિન–૬માં મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

**આથી વધુમાં ડ્રાફ્ટ બજેટનો વિગતવાર અભ્યાસ થઈ શકે તે પ્રકારે ભવિષ્યમાં કમિટી સમક્ષ રજુ કરવું.**

૩. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ નાં વાર્ષિક હિસાબ મંજુર કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ :– સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ નો વાર્ષિક હિસાબોની નકલ પરિશિષ્ટ – ૨ તરીકે સામેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં નાણાકિય વર્ષ ૨૦૧૭–૧૮નાં વાર્ષિક હિસાબ મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૪. બાબત:- એડવાન્સ કેમેસ્ટ્રી સેમીનાર હોલમાં આવેલ રૂફ ટોપ એર કંડીશનર પ્લાન્ટને રીપેરીંગ કરાવવા બાબત.

કામનું નામ :- એડવાન્સ કેમેસ્ટ્રી સેમીનાર હોલમાં આવેલ રૂફ ટોપ એર કંડીશનર પ્લાન્ટનું રીપેરીંગ

પાર્ટીનું નામ :- ETA Engineering PVT LTD

ખર્ચ :- રૂ! ૧,૮૧,૮૮૯.૦૦

ખર્ચનો હેડ :- ફર્નીચર ઇક્વીપમેન્ટ મેન્ટેનન્સ & રીપેરમાં

નોંધ-૧ :- એડવાન્સ કેમેસ્ટ્રી સેમીનાર હોલમાં આવેલ એ.સી.પ્લાન્ટના વાર્ષિક કોમ્પ્રીહેન્સીવ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ માટે એસ્ટેટ કમિટીની તા.૦૬-૦૮-૧૮ ની સભાના ઠરાવ નં.૧૩ થી બાબત લેવામાં આવેલ. જે ઠરાવ નીચે મુજબ છે.

આથી ઠરાવવામાં આવે છે કે તા.૩૦-૦૬-૧૮ થી એ.એમ.સી. કન્ટીન્યુ કરવા માટે પાર્ટી દવારા સંમતી આપવામાં આવે તો તે ગ્રાહ્ય રાખી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી અન્યથા ટેન્ડરીંગ કરવું.

ઉપરોકત ઠરાવ અન્વયે પાર્ટીને એસ્ટેટ નં.૫૧૭ તા.૩૧/૮/૧૮ થી સંમતિ માંગવામાં આવેલ. આ પત્ર અન્વયે કંપનીના એન્જિનીયર દ્વારા પ્લાન્ટને ચેક કરી રિપોર્ટ આપેલ છે જેના આધારે તા.૨૭/૯/૧૮ થી ઇ-મેલ દ્વારા કોટેશન મોક્લાવેલ છે. A.M.C.અંગે સંમતિ આપેલ નથી.

નોંધ:-૨ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આવેલ એડવાન્સ કેમેસ્ટ્રી સેમીનાર હોલમાં આવેલ રૂફ ટોપ એર કંડીશનર પ્લાન્ટ ETA Engineering PVT LTD દ્વારા ફીટીંગ કરાવામાં આવેલ છે. હાલમાં ઉપરોક્ત પ્લાન્ટમાંનું એક કમ્પ્રેસર ફેઇલ થયેલ છે, જે નવું નાખવાનું તથા તેને આનુસાંગીક કામગીરી કરાવવા સહીતનું ક્વોટેશન કંપની તરફથી આવેલ છે. આ અન્વયે ETA Engineering PVT LTD ના કોટેશન મુજબ ખર્ચ રૂ. ૧,૮૧,૮૮૯/- અંકે રૂ. એક લાખ એક્યાશી હજાર આઠસો નેવ્યાશીં પૂરા થવા જાય છે.

રૂફ ટોપ એર કંડીશનર પ્લાન્ટ જે કંપની દ્વારા ફીટીંગ કરવામાં આવેલ છે તે જ કંપની પાસેજ રીપેરીંગ કરાવવાનું થાય છે તેથી ઓર્ડિનન્સ 43 મુજબ ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર કામગીરી સદર કંપનીને સોપવાની થાય છે.

આ કામગીરીમાં કંપનીની શરતો અનુસાર ૭૦% પેમેન્ટ ઓર્ડર આપતા સમયે તથા ૩૦% પેમેન્ટ કામગીરી પૂર્ણ થયા બાદ આપવાનું રહેશે.

**આથી ઠરાવવામાં આવેછે કે NFDD હોલ માં આવેલ રૂફ ટોપ એર કન્ડીશનર પ્લાન્ટ રિપેર કરાવવાની કામગીરી ETA Engineering Pvt. Ltd. પાસે કરાવવા અને તે અંગેનો ખર્ચ રૂા.૧,૮૧,૮૮૯/– Standard Item તરીકે Furnture & equipment repair ના હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગેનું ચુકવણું કામગીરી સંતોષપુર્વક પૂર્ણ કર્યા બાદ કરવુ.**

૫. બી.એડ., એમ.એડ.મધ્યસ્થ પ્રવેશ સમિતિ ૨૦૧૯–૨૦માં ઓનલાઈન પ્રવેશ અંગેની કામગીરી અંતર્ગત ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ જેમાં કુલ –૭ (સાત) પાર્ટી Pre Bid માટે આવેલ હતી. કુલ ૭ પૈકી માત્ર એકજ પાર્ટીનું ટેકનીકલ બીડ તેમજ ફાઈનાન્સીયલ બીડ આવેલ હોય તે ખોલવામાં આવેલ. જેની

વિગત આ સાથે પણ સામેલ છે. તે મુજબ Infinity Infoway Pvt. Ltd. ના ભાવ રૂા.૧૩૯/- લેખે છે. આમ, એકજ પાર્ટી Infinity Infoway Pvt. Ltd. ના ભાવને જ L1 ગણી, બી.એડ./એમ.એડ. મધ્યસ્થ પ્રવેશ સમિતિ ૨૦૧૯-૨૦ની પ્રવેશ પ્રક્રિયાની કામગીરી માટે Infinity Infoway Pvt. Ltd. ને ફોર્મ દીઠ (રૂા.૧૩૯/- + ટેક્સ) લેખે મંજુર કરવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ટેન્ડર ડોક્યુમેન્ટસ, ટેન્ડરની શરતો, સ્કોપ ઓફ વર્ક વિગેરે બાબતે પાર્ટીને ચર્ચા માટે આમંત્રિત કરવી. હાલ આઈટમ મુલતવી રાખી ફરીથી પુનઃ વિચારણા માટે રજુ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં તમામ વિગતો/ડોકયુમેન્ટસ સાથે એજન્ડાની આઈટમ બનાવવી.**

૬. પી.જી. ડિપ્લોમા કોર્ષ , ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી UPLC Instruments ના સ્પેર્સ ( ACQUITY Everflow Injector ) ખરાબ થઈ ગયેલ હોય નવા નાખવાની જરૂરીયાત છે. જેની ફાયનાન્સની મંજુરી માટે તા.-7/8/2018 ના ઠરાવ નં.-15 મુજબ ઇન્સ્ટ્રુમેન્ટના સ્પેર્સ GeM પોર્ટલ મારફત ખરીદવા જાણાવેલ, પરંતુ UPLC Instrument ના સ્પેર્સ (ACQUITY Everflow Injector) GeM પોર્ટલમાં ન હોય તેમાંથી ખરીદી થઈ શકે તેમ નથી.

આ બાબત ધ્યાને લઈ UPLC ના સ્પેર્સ Waters India Pvt.Ltd. – ઈન્ડિયા ખાતે એક માત્ર કંપની હોય ઇન્સ્ટ્રુમેન્ટના પાર્ટસ તેની પાસેથી ખરીદવાની મંજુરી તા.-8/1/2019 ની ફાયનાન્સનો ઠરાવ નં.-3 થી અંદાજીત ખર્ચ રૂ.-1,13,794/- મંજુર થયેલ છે. પરંતુ આ પ્રક્રિયામાં કોટેશનની મુદત વીતી ગઈ હોય પાર્ટી પાસેથી નવું કોટેશન મંગાવેલ છે. કોટેશન મુજબ કુલ અંદાજીત ખર્ચ રકમ રૂ. 1,22,358/- થવા જાય છે. આ પાર્ટસની ખરીદી કરવા તેમજ આ પેમેન્ટ પાર્ટીને એડવાન્સમાં કરવાનુ હોય પી.જી.ડિપ્લોમાં કોર્ષના બજેટમાંથી ખર્ચની રકમ મંજુર કરી પાર્ટીને એડવાન્સ ચુકવવા ફાયનાન્સ કમિટીમાં વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે પી.જી.ડિપ્લોમાં કોર્ષ ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રીનાં UPLC Instruments ના સ્પેર્સ ACQUITY Everflow injector, Standard Item તરીકે ખરીદવા અને ખર્ચ રૂા.૧,૨૨,૩૫૮/- પી.જી.ડિપ્લોમાં કોર્ષના Instruments ના હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૭. ગુજરાત રાજ્ય સરકારશ્રી દવારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માન. ઉપકુલપતિશ્રીની તાજેતરમાં નિયુકિત કરવામાં આવેલ છે. માન.ઉપકુલપતિશ્રીના ઉપયોગ અર્થે કોઈ ઓફીસ કાર ન હોય, માન.ઉપકુલપતિશ્રીના ઉપયોગ અર્થે નવી Toyota Innova Crysta 2.8 Diesel Z (AT)7 - Seater ઓફીસ કાર GeM Portal પર ઉપલબ્ધ ન હોવાથી ઓથોરાઈઝડ ડિલર પાસેથી ખરીદવા તથા આ અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૨૬ લાખ મંજુર કરવા વિચારણ કરવા બાબત.

ઉપર્યુકત રકમ રૂા.૨૬,૦૦,૦૦૦/- નો ખર્ચ યુનિવર્સિટીના વિકાસફંડ હેડ હેઠળ ફાળવવાનો રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી એકટ અને સ્ટેચ્યુટસની જોગવાઈ અનુસાર માન.કુલપતિશ્રીની કોઈપણ કારણો સબબની અનુપસ્થિતિમાં કુલનાયકશ્રીએ કુલપતિશ્રીના પદની જવાબદારી નિભાવવાની રહે છે. આ સંજોગોમાં માન.કુલપતિશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, ના હોદાને અનુરૂપ રાજય સરકારશ્રીની જોગવાઈ અનુસાર કુલનાયકશ્રી માટે વાહન હોવું જરૂરી છે જે ધ્યાને લઈ માન.ઉપકુલપતિશ્રી માટે **Toyota Innova Crysta 2.8 Diesel Z (AT)7 - Seater** ખરીદવાનો ખર્ચ રૂા.૨૬ લાખ યુનિવર્સિટી વિકાસ ફંડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.

6/3

**કુલસચિવ**

6/3/19

નં.એકા / ફા.સ./૨૨ /૨૦૧૯
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ
યુનિવર્સિટી રોડ
રાજકોટ, તા. ૬- ૩ - ૨૦૧૯
પ્રતિ, ફાઈનાન્સ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ

<u>નકલ સાદર રવાના :-</u>

(૧) માન.કુલપતિશ્રી/કુલનાયકશ્રીના અંગત સચિવશ્રી
(૨) કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૩) કાર્યાલયના દરેક વિભાગના વડાઓ તરફ
(૪) યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રી તરફ